# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી મોદીએ આશા વ્યક્ત કરી કે, ભારત અને ચીન વચ્ચે સ્થિર અને રચનાત્મક સંબંધો પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિમાં નોંધપાત્ર યોગદાન આપશે.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે છેલ્લા 10 વર્ષમાં, આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં ઘણા મોટા નીતિગત અને સંસ્થાકીય નિર્ણયો લેવાયા.

3) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર મોસ્કોમાં ભારત-રશિયા આંતર-સરકારી આયોગના વેપાર, આર્થિક, ક્ષેત્રના 26મા સત્રની સહ-અધ્યક્ષતા કરશે.

4) મહારાષ્ટ્રમાં વરસાદ અને પૂરને કારણે છેલ્લા ચાર દિવસમાં 21ના મોત.

5) કઝાકિસ્તાનમાં આયોજિત ૧૬મી એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં, ભારતીય શુટર રશ્મિકા સહગલે સુવર્ણ ચંદ્રક જીત્યો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-WANG-YI.RTF

નવી દિલ્હી ખાતે ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાત લીધી હતી અને આગામી શાંઘાઈ શિખર સંમેલન (SCO) સમિટ માટે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગનો સંદેશ અને આમંત્રણ પ્રધાનમંત્રીને આપ્યું હતું.

ગઇકાલે વિદેશ મંત્રી વાંગ યી સાથેની મુલાકાત બાદ પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, ભારત અને ચીન વચ્ચે સ્થિર અને રચનાત્મક સંબંધો પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિમાં નોંધપાત્ર યોગદાન આપશે. શ્રી મોદીએ ભારત-ચીન સરહદ પર શાંતિ અને સુલેહ-શાંતિ જાળવવાના મહત્વ પર પણ ભાર મૂક્યો અને સરહદ પ્રશ્નના પરસ્પર સહકાર અને એકમેક સંમતિ સાથે ઉકેલ માટે ભારતની પ્રતિબદ્ધતાનો પુન:રોચ્ચાર કર્યો.

તેમણે તિયાનજિનમાં યોજાઈ રહેલા SCO સમિટમાં આમંત્રણ બદલ ચીનના રાષ્ટ્રપતિનો આભાર માન્યો અને તેમની સ્વીકૃતિ વ્યક્ત કરી. તેમણે SCO સમિટના ચીનના અધ્યક્ષપદ માટે સમર્થન વ્યક્ત કર્યું અને કહ્યું કે તેઓ તિયાનજિનમાં રાષ્ટ્રપતિ શીને મળવા માટે આતુર છે. દરમિયાન, સૂત્રોએ જણાવ્યું કે ચીને ભારતની ત્રણ મુખ્ય સમસ્યાઓ અંગે ચર્ચા કરવા તૈયાર હોવાનું જણાવ્યુ છે.

ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ ગઈકાલે તેમની મુલાકાત દરમિયાન વિદેશ પ્રધાન ડૉ. એસ. જયશંકરને ખાતરી આપી હતી કે ચીન ભારતની ખાતરો, દુર્લભ ખનીજો  અને ટનલ બોરિંગ મશીનોની જરૂરિયાતોને પૂર્ણ કરી રહ્યું છે.

# PM BIHAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 22મી તારીખે બિહારના ગયામાં આન્ટા - સિમરિયા પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેકટમાં ગંગા નદી પર લગભગ બે કિલોમીટર લાંબો પુલ બનવાયો છે જે પટના જિલ્લાના મોકામા અને બેગુસરાયને જોડશે.

નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયાના સભ્ય, અનિલ ચૌધરીએ આ પુલ જૂના 2-લેન, રેલ-કમ-રોડ પુલ 'રાજેન્દ્ર સેતુ' ની સમાંતર બનાવવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું કે નવો પુલ ઉત્તર બિહાર અને દક્ષિણ બિહારના પ્રદેશો વચ્ચે મુસાફરી કરતા ભારે વાહનો માટે વધારાનું અંતર 100 કિલોમીટર સુધી ઘટાડશે. શ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ ભારે વાહનો માટે મુસાફરીને સરળ અને ઝડપી બનાવશે જેનાથી ઇંધણ અને વાહન સંચાલન ખર્ચમાં બચત થશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 2017 માં પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો, જે સમગ્ર બિહારમાં કનેક્ટિવિટી વધારવા અને પ્રાદેશિક વિકાસને ટેકો આપવા માટે એક પરિવર્તનશીલ યાત્રાની શરૂઆત હતી.

# AMIT SHAH MEETING

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે ગઇકાલે નવી દિલ્હીમાં ગૃહ મંત્રાલયની 'આપત્તિ વ્યવસ્થાપન અને ક્ષમતા નિર્માણ' પર સંસદીય સલાહકાર સમિતિની બેઠકની અધ્યક્ષતા કરી હતી.

બેઠકને સંબોધતા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે કહ્યું નરેન્દ્ર મોદી સરકારે બચાવ-કેન્દ્રિત બનાવવા માટે અભિગમ અને વ્યૂહરચનામાં ફેરફાર કર્યો છે.

તેમણે કહ્યું કે છેલ્લા 10 વર્ષમાં, આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં ઘણા મોટા નીતિગત અને સંસ્થાકીય નિર્ણયો લેવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે મોદી સરકારની આપત્તિ પ્રતિભાવ નીતિ ક્ષમતા નિર્માણ, ઝડપ, કાર્યક્ષમતા અને ચોકસાઈના ચાર સ્તંભો પર આધારિત છે. આના પરિણામે 1999માં ઓડિશામાં આવેલા સુપર સાયક્લોનથી 10,000 લોકોના મોત થયા હતા જ્યારે 2023માં ગુજરાતના બિપરજોય અને 2024માં ઓડિશાના દાનામાં શૂન્ય જાનહાનિ થઈ હતી.

ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં મોદી સરકારના પ્રયાસોના પરિણામે ચક્રવાતને કારણે થયેલા નુકસાનમાં 98% ઘટાડો થયો છે અને હિટ વેવ (ગરમીના મોજા)ના કેસોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

ગૃહમંત્રીએ તાજેતરમાં અનેક રાજ્યોમાં વાદળ ફાટવા અને ભૂસ્ખલનની થયેલી ઘટનાઓનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે વાદળ ફાટવા અને ભૂસ્ખલનનો સામનો કરવા માટે વ્યૂહરચના તૈયાર કરવામાં આવી રહી છે.

# JAISHANKAR---RUSSIA.RTF

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે ભારત-રશિયા આંતર-સરકારી આયોગના વેપાર, આર્થિક, વૈજ્ઞાનિક, તકનીકી અને સાંસ્કૃતિક સહકારના 26મા સત્રનું સહ-અધ્યક્ષતાપદ સંભાળશે.

ડૉ. જયશંકર મોસ્કોમાં ભારત-રશિયા વ્યાપાર મંચની બેઠકને પણ સંબોધિત કરશે. વિદેશ મંત્રી ગઈકાલે સાંજે રશિયાની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે મોસ્કો પહોંચ્યા હતા. આ મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રી રશિયન વિદેશ મંત્રી સેર્ગેઈ લવરોવને પણ મળશે અને દ્વિપક્ષીય કાર્યસૂચિની સમીક્ષા કરશે અને પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર દ્રષ્ટિકોણ શેર કરશે.

આ મુલાકાતનો હેતુ લાંબા સમયથી ચાલતી ભારત-રશિયા વિશેષ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાનો છે. શ્રી જયશંકરની મુલાકાત રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલની તાજેતરની મોસ્કો યાત્રા પછી થઈ રહી છે, જ્યાં તેમણે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, પ્રથમ નાયબ વડાપ્રધાન મન્ટુરોવ અને સુરક્ષા પરિષદના સચિવ સેર્ગેઈ શોઇગુ સાથે ચર્ચા કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# MAHA - RAIN

મહારાષ્ટ્રમાં વરસાદ અને પૂરને કારણે છેલ્લા ચાર દિવસમાં 21 લોકોના મોત થયા છે. મુંબઈ, થાણે, પાલઘર કોકણ અને મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં સતત ચોથા દિવસે પણ મુશળધાર વરસાદ વરસી રહ્યો છે.

પૂરથી ગંભીર રીતે પ્રભાવિત નાંદેડ જિલ્લામાં જ આઠ લોકોના મોત થયા છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મુંબઈમાં લગભગ 300 મીલીમીટર જેટલો રેકોર્ડ વરસાદ પડ્યો છે, જેના કારણે શહેરમાં સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે.

હવામાન એજન્સીએ આજે વિદર્ભ પ્રદેશમાં રેડ એલર્ટ જારી કર્યું છે. સલામતીની ચિંતાઓને ધ્યાનમાં રાખીને, પુણે અને મુંબઈ વચ્ચેની બધી ટ્રેનો આગામી આદેશો સુધી સ્થગિત કરવામાં આવી છે. થાણે અને રાયગઢ જિલ્લાઓએ આજે શાળા અને કોલેજોમાં રજા જાહેર કરી છે.

પાટણ, જાવલી, મહાબળેશ્વર, વાઈ, સતારા અને કરાડ તાલુકાઓમાં આજે અને આવતીકાલે તમામ પ્રાથમિક શાળાઓ પણ બંધ રહેશે મીઠી નદીએ ભયનું નિશાન પાર કર્યા બાદ લગભગ 350 લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને સલામત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.

મોડક સાગર ડેમ હાલમાં 98 ટકા ભરાઈ ગયો છે, અને અધિકારીઓએ ચેતવણી આપી છે કે ભારે વરસાદને કારણે આજે ઓવરફ્લો થઈ શકે છે. અધિકારીઓએ સલાહ આપી છે કે વૈતરણા નદીના ડાઉનસ્ટ્રીમ અને તેની નજીકના ગામડાઓ અને રહેવાસીઓ સતર્ક અને સાવધ રહે. કોયના ડેમના છ દરવાજા પણ ખોલવામાં આવ્યા છે, જેનાથી કોયના નદીના તળમાં 93,200 ક્યુસેક પાણી છોડવામાં આવતાં તકેદારીના પગલાં લેવાયા છે.

# AIR COMMONDAR NAGESH KAPOOR

ગુજરાતનાં પાટનગર ગાંધીનગર સ્થિતિ સાઉથ વેસ્ટ એર કમાન્ડર એર માર્શલ નાગેશ કપૂરે કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન રડાર નષ્ટ કરવા સહિતની મહત્વપૂર્ણ કાર્યવાહીમાં સાઉથ વેસ્ટ કમાન્ડની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી.

25મી એપ્રિલે ગાંધીનગર સ્થિત કાર્યાલયનો ચાર્જ સંભાળ્યા બાદ પહેલી વાર પત્રકારો સાથે વાતચિત કરતાં તેમણે કહ્યું હતું કે તેમણે કરેલી કાર્યવાહીથી તેઓ સંતુષ્ટ છે.

(બાઇટ- એર માર્શલ નાગેશકપૂર)

તાજેતરમાં જ દેશના 79માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે એર માર્શલ નાગેશ કપૂરને સર્વોત્તમ યુધ્ધ સેવા મેડલથી સંન્માનિત કરાયાં હતા. તેમને આ મેડલ પ્રાપ્ત થવા બદલ ગુજરાતના રાજ્યપાલે તેમનુ સન્માન કર્યું હતું.

# ASIAN-SHOOTING-GOLD

કઝાકિસ્તાનમાં આયોજિત ૧૬મી એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં, ભારતીય શુટર રશ્મિકા સહગલે સુવર્ણ ચંદ્રક જીત્યો. આ સ્પર્ધાઓમાં ભારતે, પાંચ સુવર્ણ , બે રજત અને ચાર કાસ્ય ચંદ્રકો જીત્યા છે.

રશ્મિકાએ વ્યક્તિગત લેવલ પર ૨૪૧.૯ ના સ્કોર સાથે જુનિયર મહિલા એર પિસ્તોલનો તાજ જીત્યો, જે રજત ચંદ્રક વિજેતા કોરિયન હાન સેઉનગ્યુનથી ૪.3 આગળ હતો.

રશ્મિકા માટે આ ઇવેન્ટમાં બેવડો આનંદની ક્ષણ હતી કારણકે રશ્મિકાએ, વંશિકા ચૌધરી અને મોહિની સિંહે ટિમ ઇવેન્ટમાં પણ સુવર્ણ ચંદ્રક જીત્યો છે. મનુએ એશિયન ગેમ્સ ચેમ્પિયન પલક અને સુરુચી ફોગાટ સાથે મહિલા એર પિસ્તોલમાં ટીમ કાસ્ય ચંદ્રક જીત્યો હતો..

ડબલ ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા મનુ ભાકરે મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ ફાઇનલમાં ૨૧૯.૭ નો સ્કોર કરીને ત્રીજા સ્થાને રહીને બીજો વ્યક્તિગત આંતરરાષ્ટ્રીય ચંદ્રક જીત્યો.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં મુંબઈમાં ભારે વરસાદથી તારાજી,ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી, ચીનના વિદેશ મંત્રીની ભારત મુલાકાત સહિતના સમાચારો પહેલા પાને જોવા મળી રહ્યા છે
- નવ ગુજરાત સમયનું મુખ્ય શીર્ષક છે -મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ભારે વરસાદથી તારાજી 10 લોકોના મોત સેંકડો બેઘર
- ફુલછાબે -વરસાદી આફત મુંબઈમાં અધ્ધર ફસાઈ મોનોરેલ -આ સમાચારને મુખ્ય શીર્ષક બનાવ્યું છે
- મહારાષ્ટ્રમાં આકાશી આફત મુંબઈ પાણી-પાણી ,18ના મોત - સંદેશે આ સમાચાર મુખ્ય શિર્શકમાં લીધા છે
- દિવ્ય ભાસ્કરનું મુખ્ય શીર્ષક છે- ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી, વિપક્ષે જસ્ટિસ રેડીને ઉતાર્યા,હવે મુકાબલો તમિલ વિરુદ્ધ તેલુગુ
- નવગુજરાત સમય લખે છે - સુદર્શન રેડ્ડી ઇન્ડિયા ગઠબંધનના ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવાર
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા લખે છે - એનડીએ કે દક્ષિણ દાવ પર વિપક્ષ કા સુદર્શન, રેડી બને ઉમ્મીદવાર
- ફૂલછાબ લખે છે - અમેરિકા સાથે તણાવ પછી નજીક આવ્યા ભારત-ચીન